અપીલ અરજી નં.૮૨ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૪–૧૧ ની અરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૩૬ તા.૨૭–૧–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં અરજદારે ડીમોલીશન કરેલા કુટુંબોને કયા બીલ્ડીંગમાં કયા બ્લોકમાં સ્થળાંતર કરેલ છે એના લિસ્ટની માહિતિ આપેલ નથી. લેખીત લીસ્ટ કયારે આપવાના તેની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની SMC/FAP/ નં.૮૨/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૭–૪–૧૧ ની અરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૩૬ તા.૨૭–૧–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં અરજદારે ડીમોલીશન કરેલા કુટુંબોને કયા બીલ્ડીંગમાં કયા બ્લોકમાં સ્થળાંતર કરેલ છે એના લિસ્ટની માહિતિ આપેલ નથી. લેખીત લીસ્ટ કયારે આપવાના તેની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૨૫૦ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ સંદર્ભ પત્રો તા.૨૭–૧–૧૧ની નકલો રજુ કરવા તથા જાહેર માહિતિ અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૭–૪–૧૧ ની અરજીથી નં.ઈઝેડ/આરટીઆઈ/૬૩૬ તા.૨૭–૧–૧૧ ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં અરજદારે ડીમોલીશન કરેલા કુટુંબોને કયા બીલ્ડીંગમાં કયા બ્લોકમાં સ્થળાંતર કરેલ છે એના લિસ્ટની માહિતિ આપેલ નથી. લેખીત લીસ્ટ કયારે આપવાના તેની માહિતિ આપો. અરજદારે ઓફિસમાં દફતર તપાસવા માટે કોઈ અરજીમાં જણાવેલ નથી? આરટીઆઈ નં.૫૦૭ તા.૧–૧૧–૧૦ નો જવાબ ખોટો અને ઉપજાવી કાઢેલ છે અરજદારને મંજુર નથી એની નોંધ લેશો. અરજદારે માહિતી અધિકાર મારફત માંગેલ માહિતી અરજદારને આપવાની જોગવાઈ માહિતી અધિકારીના કાયદામાં જોગવાઈ પરંતુ વરાછાઝોનના માહિતી અધિકારી માહિતી અધિકાર ના કાયદાને ગજવામાં રાખે છે? માંગેલી માહિતી આપો. તેવું જણાવતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી સમય મર્યાદામાં મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે બંને પક્ષકારો પાસેથી અપીલના સંદર્ભે પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બંને પક્ષકાર તરફથી કોઈ પૂરક વિગતો પૂરી પડાયેલ નથી. બીપીએલ અરજદારે મુળ અરજીના સંદર્ભમાં જણાવેલ વિગતો આરટીઆઈના નિયમ–૬ મુજબ અપીલ સાથે તેવા પેપર્સ રજૂ કરવાના હોય છે તે રજૂ કરેલ નથી તેમજ અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ તેવા પેપર્સ રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તેવી માહિતી બાબતે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. આવા સંજોગોમાં અરજદારે તા.૨૭–૧–૧૧ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર સંદર્ભે જે માહિતી માંગવામાં આવેલ છે તેનું લીસ્ટ મળેલ નથી. તેમજ તેઓએ ઓફિસ દફતરની તપાસણી માટે કોઈ અરજીમાં જણાવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારે જણાવ્યેથી જ તપાસ આપવી તેવું નથી પરંતુ વિપુલ પ્રમાણમાં જો માહિતની જથ્થો હોય કે પછી તે આવી માહિતી અલગ પાડી શકાય ન હોય તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ કાયદાની કલમ અને જોગવાઈ અનુસાર પોતાના હોદ્દાની રૂએ તપાસણીનો નિર્ણય કરી શકે છે. આથી જો અરજદારને જાહેર માહિતી અધિકારીએ જો તપાસનો પ્રસ્તાવ કરેલ હોય તો તે અનુસાર તપાસણી કરી માહિતી મેળવી શકે છે. જયારે અરજદારે તા.૧–૧૧–૧૦ નો જવાબ ખોટો અને ઉપજાવી કાઢેલ છે જે બાબતે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અનુસાર જો દિન–૩૦ માં માહિતી નહીં મળે અથવા તો મળેલી માહિતીની તારીખથી તેની નારાજગી અંગે દિન–૩૦ માં પ્રથમ અપીલ કરવાની રહે છે. તો અરજદારે તા.૧–૧૧–૧૦ ના જવાબ સંદર્ભે નારાજગી હોય તો તે જવાબ મળ્યાના દિન–૩૦ માં ૧–૧૨–૧૦ સુધીમાં અપીલ કરવી જોઈએ. જે અંગે અરજદારે તેવી પણ કોઈ વિગતો રજૂ કરેલ નથી. અન્ય વિગતમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારીના કાયદામાં જોગવાઈ છે અને માહિતી આપેલ નથી તેવું વિધાન કરેલ છે. આમ અરજદાર પોતે માહિતી માંગવામાં સ્પષ્ટ ન હોઈ તેમજ અગાઉના સંદર્ભના પ્રત્યુત્તર બાબતોની રજૂઆતની વિગતો અરજીમાં જણાવેલ છે.તેમ છતાં સમગ્ર હકીકત જોતાં ડીમોલીશન કરેલા કુટુંબો કયા બ્લોકમાં સ્થળાંતર કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ જો ઈન્સ્પેકશન પુરું પાડવા પ્રસ્તાવ કરેલ હોય તો તેવું ઈન્સ્પેકશન મેળવી ખપ પૂરતી નકલો મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

અત્રે એ પણ સૂચક છે કે માહિતી માંગનાર અરજદાર બીપીએલ છે તેમણે કરેલી અરજી પરથી એવું તારણ થઈ શકે કે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તપાસણી માટે અરજદારને પ્રસ્તાવ કરેલ હોય. પરંતુ અરજદાર તપાસણી કર્યા વિના યાદીનો આગ્રહ રાખતા હોય તેવું વિગતો પરથી જણાય છે.

અપીલ તબકકે અપીલના અનુસંધાને વિગતો રજૂ કરવાનું અરજદારને શિરે રહે તેમ છતાં તક આપવા છતાં તે માટે નિષ્ફળ રહેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ તેઓની કક્ષાએથી કોઈ વિગતો રજૂ થયેલ નથી જે ગંભીર બાબત છે. તેમ છતાં અરજદારે રજૂ કરેલ વિગતો જોતાં કાયદાના આમુખથી કરેલ જોગવાઈ સરકારનું કાર્યક્ષમ સંચાલન અને મર્યાદિત સંશાધનનો મહત્તમ ઉપયોગ સાથે કાયદાની કલમ–૭(૯) કે જયાં જાહેર સત્તા મંડળના નાણાંકીય સ્ત્રોત બદલાતા હોય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારી દફતરી તપાસણીનો પ્રસ્તાવ મુકે અને તપાસણી દરમ્યાન ખપ પૂરતી નકલ આપવાની તૈયારી દર્શાવે તો તે કાયદાની જોગવાઈ સાથે સુસંગત ગણાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી તા.૨૭–૧–૧૧ ના પ્રત્યુત્તર સંદર્ભે અરજદારે માંગેલ માહિતી અંગે જો કોઈ જ કાર્યવાહી થયેલ ન હોય તો કાયદાની કલમ–૭(૫) હેઠળ દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા અને તપાસણી માટે પ્રસ્તાવ કરેલ હોય તો કાયદાની કલમ–૭(૯) સાથે ૭(૫) ની જોગવાઈને અનુસરી ઘટિત કાર્યવાહી દિન–૧૦ માં અરજદારને સૂચિત કરવા તથા તેની એક નકલ અત્રે મોકલવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,